Directorate of Technical Education, Gujarat State
નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય

| | |
|---|---|
| છઠ્ઠો માળ.બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ | 6th Floor, Block No. 2-D, KarmayogiBhavan, Sector 10-A, Gandhinagar-382010 |
| ☎: (079) 23253546 URL: http://dte.gujarat.gov.in | FAX : (079) 23253539 |

e-mail : dire-dte@gujarat.gov.in ,

ક્ર. ડીટીઇ/એકે/વિજાક/લઘુ.શિષ્યવૃતિ/ક(૪)/૨૦૨૦-૨૧/ ૬૯૩૬ તા

ઈ-મેલ દ્વારા

પ્રતિ
રજીસ્ટ્રારશ્રી,
ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી,
વિશ્વકર્મા સરકારી ઇજનેરી કોલેજ, કેમ્પસ,
ચાંદખેડા અમદાવાદ.

વિષય: વર્ષ ૨૦૨૦-૨૧ માં ભારત સરકારની લઘુમતી જાતિની શિષ્યવૃતિ માટે National Scholarship Portal (2.0) માં શાળા/કોલેજો/સંસ્થાઓ દ્વારા Registration, Verification, Institute Login માં Fee ની વિગત Update કરવા બાબત

સંદર્ભ: વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, પંડિત રવિશંકર મહારાજ કક્ષનો તા. ૧૮/૮/૨૦ નો પત્ર ક્રમાંક: વિમક/શિક્ષણ/૨૦૨૦-૨૧/૧૭૧૯

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, પંડિત રવિશંકર મહારાજ કક્ષનો ઉક્ત સંદર્ભિત પત્ર દ્વારા અત્રેની કચેરીને મળેલ છે.

સદર પત્રમાં વર્ષ ૨૦૨૦-૨૧ માં ભારત સરકારની લઘુમતી જાતિની શિષ્યવૃતિ માટે National Scholarship Portal (2.0) માં શાળા/કોલેજો/સંસ્થાઓ દ્વારા Registration, Verification, Institute Login માં Fee ની વિગત Update કરવાની સૂચનાઓ આપેલ છે. જે નીચે મુજબ છે.

૧. National Scholarship Portal (NSP 2.0) દ્વારા Institute Login માં સૌપ્રથમ Login થવું
૨. શાળા/કોલેજો/સંસ્થાઓએ ફરજીયાત Profile Update કરવાની રહશે.
3. શાળા/કોલેજો/સંસ્થાઓએ ફરજીયાત Profile Update કર્યા બાદ જ Institute Login માં અન્ય option જોવા મળશે, ત્યારબાદ Administration Option માં → Update Details→Add Course Fees Details માં જઇ જે તે કોર્સની વર્ષવાર Annual Admission Fee/Tuition fee/Others Fee દર્શાવીને submit કરી જે તે કોર્સની Fee ની વિગતો ફરજિયાત Update કરવાની રહશે.

સરકારી પોલીટેકનીક, દાહોદ

૪. ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા Fee ની વિગત ભરી શકાશે નહિ, તે વિગતો શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા તેમની Profile માં Update કરેલ Fee ની વિગત ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા પસંદ કરાયેલ કોર્સ પ્રમાણે Automatic System દ્વારા લેવામાં આવશે, જેથી વિદ્યાર્થી Online ફોર્મ ભરવાની કાર્યવાહી કરે તે પહેલાં જે તે શાળા/કોલેજ/સંસ્થાએ Fee ની વિગત ફરજિયાત Update કરવાની રહેશે.

સદર બાબતે સર્ક્યુલર કરી આપશ્રીના તાબા હેઠળની તમામ સેલ્ફ ફાઇનાન્સ સંસ્થાઓને જાણ કરવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

નાયબ ટેકનિકલ શિક્ષ[illegible]

બિડાણ:- ઉપર મુજબ

નકલ રવાના:જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

૧.અત્રેની કચેરીના તાબા હેઠળની તમામ સંસ્થાઓ તરફ.

૨.ચેરમેનશ્રી, ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગર તરફ.

૩.ટી.ઇ.બી અભ્યાસક્રમો ચલાવતી તમામ સરકારી, ગ્રાન્ટ ઇન એડ ટેકનિકલ સંસ્થાઓ તરફ

Scanned with CamScanner

ન. એ. નિનામા આઈએએસ
નિયામક

વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
પંડિત રવિશંકર મહારાજ કક્ષ
બ્લોક નં. ૪, ૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦
તારીખ ૧૮/૦૮/૨૦૨૦

પ્રતિ,
કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણ,
બ્લોક ૨/૬, કર્મયોગી ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

૭૧૦
૨૬૧૪

૧૭૦
૨૬૧૪

વિષયઃ- વર્ષ ૨૦૨૦-૨૧ માં ભારત સરકારની લઘુમતી જાતિની શિષ્યવૃતિ માટે National Scholarship Portal (2.0) માં શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા Registration, Verification, Institute Login માં Fee ની વિગત Update કરવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ભારત સરકારના તા.૧૪/૦૮/૨૦૨૦ ના રોજ મળેલ પત્રમાં આપેલ સુચના મુજબ ભારત સરકારશ્રીની લઘુમતી જાતિની શિષ્યવૃતિ માટે National Scholarship Portal પર તા. ૧૬-૦૮-૨૦૨૦ થી પ્રિ-મેટ્રીક, પોસ્ટ મેટ્રીક, મેરીટ કમ મીન્સ ના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ માટે Online ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થયેલ છે.

ભારત સરકારની લઘુમતી જાતિની શિષ્યવૃત્તિ માટે National Scholarship Portal (2.0) માં શાળા/કોલેજ/સંસ્થાઓના રજિસ્ટ્રેશન માટે Delhi દ્વારા મળેલ સુચના મુજબ ગત વર્ષ ૨૦૧૮-૧૯ માં ગુજરાત રાજ્યનાં કુલ ૪૫,૧૮૧ રજીસ્ટર સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, ખાનગી, (સ્વનિર્ભર) શાળા/કોલેજ/સંસ્થાઓ પૈકી વર્ષ ૨૦૧૯-૨૦ માટે ફક્ત ૯૯૧૪ શાળા/કોલેજ/સંસ્થાઓએ જ ઓનલાઇન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા કરાવેલ હતી જે પૈકી જિલ્લા કક્ષાએથી ફક્ત ૯૩૪૫ શાળા/કોલેજ/સંસ્થાઓ જ વેરીફાઇ થયેલ છે, જે રાજ્યની કુલ રજીસ્ટર થયેલ શાળા/કોલેજ/સંસ્થાઓ પૈકી ઘણી ઓછી રજીસ્ટર થયેલ છે. ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ની Online Institute Registration ની કામગીરી માટે National Scholarship Portal (2.0) માં બાકી રહી ગયેલ શાળા/કોલેજ/સંસ્થાઓના KYC Approved ના Online Status ને ધ્યાને લઇ Pending રહી ગયેલ શાળા/કોલેજ/સંસ્થાઓના KYC ના Approval માટેની કાર્યવાહી પુર્ણ કરવાની રહેશે, અને આ કાર્યવાહી ખુબજ અગત્યની હોવાથી NSP Portal (2.0) માં રજિસ્ટ્રેશન કરાવવાની બાકી રહેતી શાળા/કોલેજ/સંસ્થાઓને જાણ કરી એકપણ શાળા/કોલેજ/સંસ્થા NSP Portal (2.0) માં રજિસ્ટ્રેશન અને KYC Approved માટે બાકી ન રહે તે રીતે આ કામગીરીને ટુંક સમયમાં પૂર્ણ કરવા માટેની સુચના આપવા વિનંતી છે

આ Online ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓને Fee ની વિગતો ભરવામાં મૂશ્કેલી ન આવે તથા એક જ શાળા/કોલેજ/સંસ્થાઓના એક કરતા વધારે વિદ્યાર્થીઓ દ્વારા એક સરખા કોર્સ ની અલગ-અલગ Fee દર્શાવીને ભૂલ કરે છે, તેથી તે ભૂલને નિવારવા તથા શાળા/કોલેજ/સંસ્થા દ્વારા તેના જ વિદ્યાર્થીઓને Online અરજીમાં એક સરખા કોર્સની એક સરખી Fee દર્શાવી શકાય તે માટે નીચેના મુદ્દાઓ ધ્યાને લઇ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

Scanned with CamScanner

૧. National Scholarship Portal (NSP 2.0) દ્વારા Institute Login માં સૌપ્રથમ Login થવું.

૨. જે તે શાળા/કોલેજ/સંસ્થાઓએ ફરજીયાત Profile Update કરવાની રહેશે.

૩. શાળા/કોલેજ/સંસ્થાઓએ Profile Update કર્યા બાદ જ Institute Login માં અન્ય Option જોવા મળશે, ત્યારબાદ Administration Option માં → Update Details → Add Course Fees Details માં જઇ જે તે કોર્સની Annual Admission Fee/Tuition Fee/Others Fee દર્શાવીને Submit કરી જે તે કોર્સની Fee ની વિગતો વર્ષવાર ફરજીયાત Update કરવાની રહેશે.

૪. ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા Fee ની વિગત ભરી શકાશે નહિ, તે વિગતો શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા તેમની Profile માં Update કરેલ Fee ની વિગત ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા પસંદ કરેલ કોર્સ પ્રમાણે Automatic System દ્વારા લેવામાં આવશે, જેથી વિદ્યાર્થી Online ફોર્મ ભરવાની કાર્યવાહી કરે તે પેહલા જે તે શાળા/કોલેજ/સંસ્થાએ Fee ની વિગત ફરજિયાત Update કરવાની રહેશે.

આ કામગીરીને ગંભીરતાથી લઇ આપના Department ની ટેકનીકલ શિક્ષણની કોલેજ/સંસ્થાઓને National Scholarship Portal માં Profile Update કરવાની થાય છે, આ માટે આપશ્રીના તાબા હેઠળની સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ તથા પ્રાઇવેટ શાળાઓને આપના તાબા હેઠળના જિલ્લા વહિવટી તંત્ર મારફતે આપની કક્ષાએથી સુચના આપવા વિનંતી છે.

Scanned with CamScanner